## પંચમહાલ અને દાહોદ જીલ્લામાં નળ સે જળ યોજનાનાં કામોમાં ભ્રષ્ટાચાર અંગેની ફરિયાદ

* 15/3/456 શ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠા વિભાગને વર્ષવાર પંચમહાલ અને દાહોદ જીલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિ અંગેની મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | મળેલ ફરિયાદો | |
|---|---|---|
| | પંચમહાલ | દાહોદ |
| ૨૦૨૧-૨૨ | ૦૫ | ૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૩ | ૦૨ |
| કુલ | ૨૮ | ૦૨ |

| | |
|---|---|
| (૨) મળેલ ફરિયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી, | (૨) મળેલ કુલ ૩૦ ફરિયાદો પૈકી તમામ ફરીયાદો અન્વયે તપાસની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| (૩) ઉક્ત તપાસમાં ક્યા જિલ્લામાં ક્યા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને | (૩) મળેલ ફરિયાદો પૈકીની રજુઆતોમાં પાઇપલાઇનની ઓછી ઉંડાઇ, યોજનાકિય કામગીરી બાકી હોવી, સ્ટેન્ડપોસ્ટ તુટી ગયેલ, ગુણવત્તા બાબત, પાણી ન મળવા, પાઇપલાઇનમાં લીકેજ વિગેરે જેવી રજુઆતોનો સમાવેશ થયેલ છે. |

મળેલ રજુઆતો અંગે મુલાકાતમાં નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ છે.

લાભાર્થિઓ તેઓની સુવિધા અનુસાર નળ કાઢી ફ્લેક્ષીબલ રબ્બરની પાઇપ લગાવી પાણી મેળવે છે.

- સ્ટેન્ડપોસ્ટ થાળા અને થાંભલી સહિત બનાવેલ પરંતુ થાંભલી સાથે ઢોર બાંધવા જેવા કારણોને લીધે તુટફુટ થયેલ હોવાનું
- પાઇપલાઇન નિયત મર્યાદા કરતા ઓછી ઉંડાઇએ નાખવાની બાબત

| | |
|---|---|
| | • ગ્રામ્ય લેવલે હાથ ધરવામાં આવેલ અન્ય કામગીરી જેવી કે, પેવર બ્લોક નાખવા રસ્તા બનાવવા વિગેરેને કારણે સ્ટેન્ડપોસ્ટ પુરાઇ જવા<br>• પંપીંગ મશીનરીના અપૂરતા હેડના કારણે છેવાડાના વિસ્તારમાં પાણી ન મળવું<br>• ગામોમાં લાભાર્થિઓ દ્વારા કેટલીક જગ્યાએ CI નળ કાઢી પ્લાસ્ટીકના નળ લગાવેલ હોવાનું જોવા મળેલ.<br>• ગામમાં/ફળિયામાં આંતરિક વિવાદને કારણે વારંવાર પાઇપ તોડી નાખતા લીકેજ થાય છે તેમજ સ્થાનિક રહીશો દ્વારા ઘરજોડાણમાં સીધી મોટર જોડી પાણી મેળવવા તથા વાલ્વ અનઅધિકૃત રીતે બંધ કરી દેતા છેવાડાના ઘરો સુધી પાણી પહોંચતું નથી.<br>• ગામમાં પાણી વિતરણ માટે યોગ્ય સંચાલન/ઓપરેટર ન હોવાના અભાવે લાભાર્થીઓને પાણી નિયમિત ન મળતુ હોવાનું જણાઇ આવેલ છે.<br>અનિયમિત પાવર સપ્લાયના કારણે પાણી પુરવઠો નિયમિત ન મળવો. |
| (૪)તે અન્વયે ક્યા જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધા? | (૪) ધ્યાને આવેલ બાબતો અન્વયે, ૧ કર્મચારીને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે.<br>એ સિવાય યોજનાકિય કામગીરીના સુચારૂ અમલીકરણ માટે નીચે મુજબના પગલા લીધેલ છે.<br>• યોજનાકિય કામગીરીના અસરકારક સંચાલન માટે ઓપરેટરોને તાલીમ આપવામાં આવેલ છે.<br>• યોજનાકિય સંચાલન માટે વિકાસ કમીશ્નરશ્રી દ્વારા પંપ ઓપરેટર/પાણી સહાયકની વ્યવસ્થા માટે માનદ વેતનથી ચૂકવણાંની જોગવાઇઓ અંગે સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે.<br>• પાઇપલાઇન લીકેજ થવાના કિસ્સામાં યોજના સુચારૂરૂપે ચાલુ રહે તે માટે પાઇપલાઇન લીકેજ/રીપેરીંગ જેવી કામગીરી કરી યોજનાકિય ઘટકો મારફત પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.<br>• પંપીંગ મશીનરીના અપૂરતા હેડ મળવાના |

કિસ્સામાં નવી મશીનરી સાથે પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.

- ગામને નિયમિત વિજ પુરવઠો મળી રહે તે માટે જ્યોતિગ્રામ અંતર્ગત કનેક્શન મેળવવા તેમજ ઉર્જાવિભાગ સાથે પરામર્શમાં રહીને સમસ્યાનું નિવારણ લાવવા પ્રયત્નો કરેલ છે.
- સોર્સ ફેઇલ થવાના કિસ્સાઓમાં શક્ય એટલા ગામોને જુથ યોજના અંતર્ગત સમાવેશ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

ગામોમાં બનાવેલ વ્યક્તિગત સ્ટેન્ડપોસ્ટ યોજનાના લાભાર્થિઓ દ્વારા તોડી પાડવા, નળ કાઢી flexible pipe સાથે જોડાણ કરી ઉપયોગમાં લેવાની બાબત, લાભાર્થીના ઢોર દ્વારા સ્ટેન્ડપોસ્ટને નુક્શાન થવાની બાબત, ગામોમાં/ફળીયામાં આંતરિક વિવાદના કારણે યોજના બંધ રહેવી વિગેરે કિસ્સામાં નિવારણ માટે ગામોના પાણીસમિતિ/ગ્રામ પંચાયતને યોગ્ય સમજણ આપવામાં આવે છે.

-------------------